જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૫/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૫ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૩૮૮ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૮૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૮૧/૧૬**

**વટવાઃ** વટવા વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષની પરણીતાએ તા.૧૦/૫/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૫/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે આરોપી વિષ્ણુ મારવાડી (રહે. કલીકુંડ વર્ધમાન સોસાયટી ધોળકા) એ પરણીતાને તારો પતિ છુ તેમ કહી મારામારી કરી પરણીતાના ઘરમાં બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ ડી ગોહિલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૮૮૨/૧૬**

ઘાટલોડીયાઃ સુમીતાબેન રાજેશસિંગ સિંગ (રહે. લક્ષ્મણગઢનો ટેકરો ખોડીયાર ડેરીની બાજુમા ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૫/૧૬ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર સુજીત (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.સી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૮૩/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ (૧) અમીત પ્રવિનભાઈ પંચાલ** (ઉ.વ.૨૩)(રહે.ભાગ્યોદય સોસાયટી વિભાગ-૨ હોન્ડા શો-રૂમની બાજુમાં નરોડા) એ તા.૧૦/૫/૧૬ બપોરના ૧/૪૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે નહેરૂબ્રીજની બાજુમાં વોક-વે ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઈ અરજણભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**(૨) ભરતભાઈ નરસિહભાઈ સીંધવ** (ઉ.વ.૧૯)(રહે.ઈન્દીરા વસાહત ચાણક્યપુરી ચાંદલોડીયા) એ તા.૧૦/૫/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે સાબરમતી રિવરફ્રંટ ઘાટ નંબર-૮ એલીસબ્રીજની બાજુમાં વોક-વે ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઈ અરજણભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)